| | | |
|---|---|---|
| | RECEIVED ON | 10-05-2016 |
| | REGISTERED ON | 10-05-2016 |
| | DECIDED ON | 09-09-2023 |
| | DURATION | DYS. MTHS. YRS |
| | | 29 15 06 |

# મોરબી જિલ્લાની સીટીંગ મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, મુકામ–મોરબી.

**રીકવરી અરજી નં.૨૭/૨૦૧૬**
**આંક–૦૮**

**અરજદાર :–** આહમદભાઈ નુરમામદભાઈ બાદી, ઉ.વ.૫૩,
મું. કેરાળા, તા. વાંકાનેર,
જી.રાજકોટ (હાલ જી.મોરબી)

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,
મચ્છુ–૧, સિંચાઈ પેટા વિભાગ,
રૂમ નં.૨૧૧, બીજોમાળ,
તાલુકા સેવા સદન,
મોરબી.

**હાજર રહયા :–** અરજદાર તરફે વિ.વ.શ્રી વી.કે.ટીંબડીયા,
સામાવાળા તરફે જાતે,

**–:: હુ ક મ ::–**

**(૧)** સદર અરજી આ કામના અરજદારે ઔદ્યોગીક વિવાદ ધારો–૧૯૪૭ (કે જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે.)ની કલમ–૩૩(સી)(૨) હેઠળ દાખલ કરી તેઓએ રેફ.(એલ.સી.આર.) નં.૨૦૮/૨૦૦૫ માં થયેલ હુકમ જે તા.૧૮/૦૫/૨૦૧૫ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જે હુકમમાં જણાવ્યા મુજબ તેઓના સામાવાળા પાસે લેણા થતાં પગારની રકમ રૂા. ૮૩,૩૮૫.૮૦ નકકી કરાવી આપવા તેમજ વ્યાજ અને ખર્ચની રકમ સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવા દાદ માંગેલી છે.

**(૨)** કેસ ચાલતા દરમ્યાન સામાવાળા ધ્વારા આંક–૫ ની અરજીથી તેઓએ સદર હુકમ સામે નામદાર હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ હોવાની રજુઆત કરેલ છે. સામાવાળાએ અપીલની ઝેરોક્ષ રજુ કરેલ છે.

**(૩)** અરજદારે આંક–૭ થી હાલમાં સામાવાળાએ નામદાર હાઈકોર્ટમાં દાખલ કરેલ અપીલ પેન્ડીંગ હોવાથી, નામદાર હાઈકોર્ટના આખરી હુકમ અનુસંધાને અરજદારે હાલનો કેસ ફરી ફાઈલે લેવાનો અધિકાર અબાધિત રાખી કેસ પરત ખેંચવા પરવાનગી આપવા જણાવેલું હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**(૧)** અરજીની વિગતે કેસ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવે છે. કેસ તે મુજબ ફેંસલ કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ: ૦૯/૦૯/૨૦૨૩**
**સ્થળ : મોરબી.**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**પ્રમુખ અધિકારી,**
**સીટીંગ મજુર અદાલત, મોરબી.**